सत्यमेव जयते

કેસ રજુ તા. ૧૩/૦૨/૨૦૨૩
દાખલ તા. ૧૩/૦૨/૨૦૨૩
ફેંસલ તા. ૦૮/૦૪/૨૦૨૬
<u>સમયગાળો વર્ષ. માસ. દિવસ</u>
૦૩ ૦૧ ૨૬

---

**ગળતેશ્વરના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, સેવાલીયા, જિ.ખેડા**

---

**ફોજદારી કેસ નં. ૧૨૬/૨૦૨૩**
**આંક:**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:–** સુનિલભાઈ ભીખાભાઈ રાવળ, ઉ.વ.૨૨
રહે.સોનીપુર, રામજીમંદિર સામે, તા.ગળતેશ્વર, જિ.ખેડા

**<u>ગુનો: ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.</u>**

---

સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી ટી.એસ.મલેક
આરોપી તર્ફે વિ. વકીલશ્રી કોઈ નથી.

---

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ ક:૧૦/૦૦ વાગ્યાના સુમારે મોજે સોનીપુર ગામે અગાઉના ઝઘડાની અદાવત રાખી ફરી.ને ગમેતેમ ગાળો બોલી તેમજ શરીરે ગડદાપાટુનો માર–મારી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદ હકીકત ફરીયાદીએ જાહેર કરતા સદર ફરીયાદ સેવાલીયા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૦૫૯૧/૨૦૨૦ થી નોંધ્યા બાદ તપાસના અંતે ત.ક.અમલદારે ચાર્જશીટ રજુ કરતા હાલનો આ ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આ કામના આરોપી ઘણી મુદ્દતોથી કોર્ટમાં હાજર રહેતા નથી. આવા સંજોગોમાં ભારતીય ફોજદારી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૯૯ મુજબ આ કેસમાં પુરાવો આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવે છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | સાહેદ રણજીતભાઈ શનાભાઈ રાવલની જુબાની | ૦૩ |
| ૨ | સાહેદ પ્રિયંકાબેન રણજીતભાઈ રાવલની જુબાની | ૦૪ |
| ૩ | ત.ક.અમલદાર રાણાભાઈ ગંગાદાસ ભરવાડની જુબાની | ૦૫ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **અનુ.નં.** | **દસ્તાવેજનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી સાહેદનુ મરણનુ પ્રમાણપત્ર | ૦૨ |
| ૨ | ફરીયાદ | ૦૬ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૭ |

આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલ પુરાવો જોતા આરોપીનું ક્રિ.પ્રો.કો.કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો નહી હોવાનું જણાતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૪) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ ક:૧૦/૦૦ વાગ્યાના સુમારે મોજે સોનીપુર ગામે

અગાઉના ઝઘડાની અદાવત રાખી ફરી.ને ગમેતેમ ગાળો બોલી તેમજ શરીરે ગડદાપાટુનો માર–મારી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨.** શું હુકમ?

**:: નિર્ણયો ::**

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**<u>મુદ્દા નં.૧:–</u>**

(૬) ફરીયાદ પક્ષ તરફે આંક–૦૩ થી સાહેદ રણજીતભાઈ શનાભાઈ રાવલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના પરિવાર સાથે સોનીપુર મુકામે રહે છે અને તેમની બાજુમા પહેલા સુનીલભાઇ ભીખાભાઇ રહેતા હતા. અને દિનેશભાઈ પણ રહેતા હતા જે હાલ ગુજરી ગયેલ છે. એમની વચ્ચે શુ બનાવ બનેલો તે તેમને ખબર નથી. પોલીસે તેમનો જવાબ લીધેલ નથી. આરોપીને જોયે તેઓ ઓળખતા ન હોવાનુ જણાવેલ છે. આ સાહેદ ફરીયાદની હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામા આવેલ. જેમાં આ સાહેદે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

(૭) ફરીયાદ પક્ષ તરફે આંક–૦૪ થી સાહેદ પ્રિયંકાબેન રણજીતભાઈ રાવલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના પરિવાર સાથે સોનીપુર મુકામે રહે છે અને તેમની બાજુમા પહેલા સુનીલભાઇ ભીખાભાઇ રહેતા હતા. અને દિનેશભાઈ પણ રહેતા હતા જે હાલ ગુજરી ગયેલ છે. એમની વચ્ચે શુ બનાવ બનેલો તે તેમને ખબર નથી. પોલીસે તેમનો જવાબ લીધેલ નથી. આરોપીને જોયે તેઓ ઓળખતા ન હોવાનુ જણાવેલ છે. આ સાહેદ ફરીયાદની હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવા

વિ.એ.પી.પી.શ્રીએ વિનંતી કરતા આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામા આવેલ. જેમાં આ સાહેદે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

(૮) ફરીયાદ પક્ષ તરફે આંક-૦૫ થી ત.ક.અમલદાર રાણાભાઈ ગંગાદાસ ભરવાડનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૨૦ ની સાલમા તેઓ સેવાલીયા ખાતે તેમની ફરજ પર હાજર હતા ત્યારે પી એસ ઓ શ્રી નરેશભાઈ મનુભાઈનાઓએ ગુર નં-૫૯૧/૨૦ ના કામે આ કામના આરોપી સુનીલભાઈ ભીખાભાઈ રાવળનાઓએ તા. ૧૪/૦૯/૨૦ ના રોજ ૧૦ વાગ્યાના સુમારે સોનીપુર ગામે અગાઉના ઝગડાની અદાવત રાખીને આ કામના ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી તેમજ શરીરે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ફરીયાદ દાખલ કરેલ. જે ફરીયાદ અનુસંધાને તેમને સદર કામે તપાસ સોપાતા તેમણે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. સદર કામે ગુનાવાળી જગ્યાના પંચ તરીકે સન્નીભાઈ લક્ષ્મણભાઈ રાવળ તથા ઈન્દ્રસિંહ પરમારનાઓને લીધેલા. જેની પંચનામામા સહી તેમને બતાવવામાં આવે છે જે જોઇને તેઓ કહે છે કે તે તેમની જ છે જેને રજુ દા.આંક-૦૭ આપવામા આવે છે. વધુમાં આ કામે ફરીયાદી દિનેશભાઈ રાવળ તા.૦૮/૧૦/૨૩ ના રોજ તેમના મરણ પ્રમાણપત્રના આધારે મરણ ગયેલ હોય અને પી એસ ઓ શ્રીએ તેમની રુબરુ ફરીયાદી દિનેશભાઈની સહી લીધેલી હોય તેઓ તેને ઓળખે છે જેથી ફરિયાદને રજુ દા.આંક-૦૬ આપવામા આવે છે. આ કામે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા તેમની વિરુદ્ધ તા.૧૦/૧૦/૨૦ ના રોજ ચાર્જશીટ ફાઈલ કરેલ. આરોપીને તેઓ જોયે ઓળખી શકે છે તેમ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

(૯) આ કામે આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ના ગુનાનુ તહોમત છે. જે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા આંક-૦૩ અને આંક-૦૪ થી સાહેદોને તપાસવામાં આવેલ છે પરંતુ આ સાહેદો હોસ્ટાઈલ નિવડેલા છે અને ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન પુરુ પાડતા ના હોય સદર સાહેદોની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેમ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક-૦૫ થી ત.ક.અમલદારે તેમના પુરાવામાં કરેલ તપાસ મુજબની હકીકત જણાવેલ છે. પરંતુ અન્ય સાક્ષીઓના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ સમર્થન મળતું ન હોય તેવા સમયે તપાસ કરનાર અમલદારશ્રીની જુબાનીનું વિશેષ મૂલ્ય આંકી શકાય નહી. વધુમાં

આ કામે આંક–૦૬ થી ફરીયાદ રજુ થયેલ છે પરંતુ ફરીયાદી દિનેશભાઈ રાવળ તા.૦૮/૧૦/૨૩ ના રોજ તેમના મરણ પ્રમાણપત્રના આધારે મરણ ગયેલ હોય તેમને તપાસવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક–૦૭ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ રાખેલ છે. પરંતુ તેના પંચસાહેદોને તપાસવામા આવેલ ના હોય આંક–૦૭ વાળુ પંચનામુ પુરવાર થયેલાનુ માની શકાય નહી. આમ, આ સંજોગોમાં હાલના આરોપીઓએ ભોગ બનનારને માર મારી ઈજાઓ કરેલ હતી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હતી તે હકીક્ત વ્યાજબી શંકાને પર પુરવાર થતી નથી. તેમજ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે બીજો કોઈ સ્વતંત્ર પુરાવો રજુ થયેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામેના ગુનાની હકીકતો વ્યાજબી શંકાને પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે અને રેકર્ડ પર પડેલ પુરાવાને આધારે આરોપીઓને ગુનાની હકીકત અને તત્વો સાથે સાંકળી શકાય તેમ નથી, જેથી ઉપરોકત તમામ ચર્ચા, હકીકતો અને રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો લક્ષમાં લઈ મુલ્યાંકન કરતા પુરાવાના અભાવે **મુદ્દા નં.૧** નો જવાબ નકારમાં આપી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના તહોમતદારોને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીઓએ અપીલ સમય માટે રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ: ૦૮ મી, માહે: એપ્રિલ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાંવાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.–૦૮/૦૪/૨૦૨૬
સ્થળ–સેવાલીયા

(ડી.જી.વાઘેલા)
જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગળતેશ્વર એટ સેવાલીયા
**Code No.GJ01444**